નં.ડીએમ/ટોલટેક્ષ/૪૫૭૭૪૯/૨૦૨૩
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૧૫/૦૮/૨૦૨૩

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ કાઢેલો હુકમ**

**જાહેરનામું :–**

ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૨૬/૦૩/૧૩ થી જાહેરનામાં ક્રમાંકઃટોલ/૧૦–૨૦૧૧ /૮૩૫/૮/પીવીટી બહાર પાડવામાં આવેલ છે. સદરહુ જાહેરનામાંમાં દર્શાવ્યા મુજબ ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર અને એલ.એન્ડ ટી. રાજકોટ–વાડીનાર ટોલ–વે લી. વચ્ચે રાજકોટ–જામનગર–વાડીનાર રોડ ચારમાર્ગી બનાવવા અંગે ભારત સરકારશ્રીની વાયેબીલીટી ગેપ ફંડીંગ યોજના હેઠળ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. આ એગ્રીમેન્ટ મુજબ એલ.એન્ડ ટી. રાજકોટ–વાડીનાર ટોલ–વે લી.ને નિયત કરેલ વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવેલ છે. જે માટે જુદા જુદા ટોલ પ્લાઝા લોકેશન નિયત કરવામાં આવેલ છે. જે પૈકી જામનગર જિલ્લામાં **જામનગર તાલુકાના બેડ ગામ તથા ધ્રોલ તાલુકાના સોયલ ગામ** પાસે ટોલ પ્લાઝા આવેલ છે. સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાંમાં ઉલ્લેખ થયેલ જુદા–જુદા વાહનોને ટોલ ટેક્ષ ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે અથવા કન્સેશન પાસ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

સદરહુ ટોલ પ્લાઝાની આજુબાજુના ગામોના લોકો કોમર્શીયલ વાહનો પણ ધરાવે છે. આવા વાહન ધારકો સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાંનો અમલ કરી નિયત ટોલ ચાર્જની ચુકવણી કરતા નહી હોવાના સંદર્ભમાં આ ટોલ પ્લાઝા ખાતે અવાર નવાર સુલેહ શાંતીનો ભંગ થવાના અને એલ.એન્ડ ટી. કંપનીના એજન્ટો, નોકરો તેમજ સીકયુરીટી સ્ટાફ વચ્ચે જાહેરમાં બખેડો થવાના, મારા–મારીના અને તોડફોડના બનાવો બને છે. જેને લઈને આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ચકકા જામના કારણે વાહન વ્યવહાર થંભી જવાના પ્રસંગો બને છે. પરીણામે સામાન્ય મુસાફર જનતા અગવડતા, અસલામતી અને ભય અનુભવે છે. કેટલીક વખત એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા વાહનો સમયસર જે તે સ્થળે પહોંચી શકતા નથી, તેથી લોકોના જાનમાલને જોખમ ઉભુ થવાની પુરેપુરી શકયતા રહેલી છે. આવા બનાવો નિવારી શકાય તે માટે આ ટોલ પ્લાઝાથી પસાર થતા વાહનો સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાંનો અમલ કરે અને નિયત કરવામાં આવેલ ટોલ દરની ચુકવણી કરે તેમજ સરકારશ્રીએ અધિકૃત કરેલ વ્યકિતઓની કામગીરીમાં અડચણ ન કરે તે માટે એલ એન્ડ ટી રાજકોટ–વાડીનાર ટોલ વે લીમીટેડ જામનગર તરફથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મળેલ તે અન્વયે પોલીસ અધિક્ષકશ્રીનો અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી તરફથી હકારાત્મક અભિપ્રાય આપેલ છે. આ જાહેરનામું વખતો વખત અમલમાં રહે તે ઈચ્છનિય જણાય છે.

વધુમાં રાષ્ટ્ર અને રાજયની સલામતી માટે તેમજ ગુનાખોરી નિયંત્રણમાં લાવવા માટે જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું વખતોવખત બહાર પાડવામાં આવે છે. ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજય બહાર પણ નાસી જતા હોય છે. તેમણે ઉપયોગમાં લીધેલા વાહનની વિગતો પછીથી મળતી હોય છે. જિલ્લાના ટોલનાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. પરંતુ કેટલાક લોકો ટોલનાકા નજીકમાં આવેલ તેમની જમીનમાં થઈને વાહનોને ટોલગેઈટમાંથી પસાર થવુ ન પડે તે રીતે બાયપાસ થવાની સવલત પુરી પાડે છે. આવા વાહનો ટોલગેઈટમાંથી પસાર થતા ન હોવાના કારણે વાહનોના નંબર, વાહનનો પ્રકાર, અને ચાલકની ઓળખ મળી શકતી નથી. અમુક વાહન ચાલકો ટોલગેઈટ પર વાહન ઉભુ રાખ્યા વિના અને ટોલ ટેક્ષ ચુકવ્યા વિના ભાગી છુટે છે. આવા વાહનોનુ સીસીટીવી કેમેરામાં રેકોર્ડીંગ થઈ શકતુ નથી. પરિણામે ગુનાખોરીમાં સંડોવાયેલ વાહનોને પકડવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે પકડી શકાતા નથી કે આવી પ્રવૃતિમાં સંડોવાયેલ વાહનોની ભાળ મળી શકતી ન હોય તમામ વાહનો જિલ્લાના ટોલનાકા પરથી પસાર થતા સમયે ઉભા રહે તથા સરકારશ્રીએ ખાસ જાહેરનામાથી નકકી કરેલ ટોલ ટેક્ષ ચુકવીને જ પસાર થાય તે માટે જાહેર હિત અને જાહેર સલામતીના કારણોસર આદેશ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જામનગર,** જિલ્લોઃ જામનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરું છું કે :

**જામનગર જિલ્લાના બેડ તથા સોયલ ગામ** પાસે આવેલ ટોલ નાકાઓ પરથી પસાર થતા ટોલટેક્ષ ચુકવવાપાત્ર તમામ વાહનોના ચાલકોએ તેમનુ વાહન ટોલનાકા પર ઠરાવેલ નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા સરકારશ્રીએ નકકી કરેલ ટોલ ટેક્ષ ચુકવી તેની પહોંચ મેળવી અથવા નિયમાનુસાર મુકિત મળવા પાત્ર હોય તો તે અંગેનુ કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું.

વિશેષમાં, ઉપરોકત ટોલનાકાઓ નજીક આવેલ જમીનના માલીકોએ વાહનો ટોલનાકામાંથી પસાર થવાના બદલે પોતાની ખાનગી માલીકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈ બાયપાસ રસ્તો વાહન ચાલકોને પુરો પાડવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

**અપવાદ :–**

સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર અને જાહેરનામાંઓથી જે વાહનોને ટોલટેક્ષ ચુકવવામાંથી મુકિત આપવામાં આવેલ હોય તેવા વાહનચાલકોને આ જાહેરનામાંની જોગવાઈ લાગુ પડશે નહી.

આ હુકમ ઉપરોકત ટોલનાકાઓના સંદર્ભમાં **તા.૧૯/૦૮/૨૦૨૩ થી તા.૧૭/૧૦/૨૦૨૩ સુધી** અમલમાં રહેશે.

આ હુકમના કોઈ પણ ખંડ અથવા હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ માં અધિનિયમ)ની કલમ–૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાંના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની સમગ્ર જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો અને સ્થાનિક કેબલ ટીવી મારફતે બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ **તા. ૧૯ માહે: ઓગષ્ટ– ૨૦૨૩** ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

Office of the District Magistrate, Jamnagar District
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય

**(ભાવેશ એન. ખેર)**
**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ**
**જામનગર**

**નકલ રવાના :–**

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
... . તમામ પોલીસ સ્ટેશનોને વાકેફ કરવા તથા આ હુકમની જાહેરાત લાઉડ સ્પીકર દવારા કરીને આ હુકમથી અસર પામતા વિસ્તારોમાં જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને પ્રસિધ્ધી આપવા તથા તેમ કર્યાના પંચનામા આપના રેકર્ડ પર રાખવા સારું.

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/ગ્રામ્ય/ધ્રોલ/લાલપુર

૪. મામલતદારશ્રી, જામનગર(શહેર)/ગ્રામ્ય/ધ્રોલ/જોડીયા/કાલાવડ/લાલપુર/જામજોધપુર

૫. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજય), જામનગર

૬. જનરલ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.,"નિર્માણ ભવન", ગ્રાઉન્ડ ફલોર, સેકટર ૧૦–એ, ગાંધીનગર.

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...ઉકત જાહેરનામાની બે નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૯. સિલેકટ ફાઈલે

**નકલ સવિનય રવાના :–**

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

૨. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.